Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

જ્ઞાનામૃતરસ રસનાથકી, પાનકરે પ્રતિમાસ;
રસિકજનો રસમગ્ન થૈ, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૯ મું. શક ૧૮૧૫ વૈશાક શુદિ ૧૫ સંવત ૧૯૪૯ અંક ૨

## ગુરૂ ગુણ બત્રીશી.

( ઇંદ્રવજ્રા. )

ભ્રાંતિ નિવારે શુભ શાંતિ ધારે,
કુનીતિ નાખી ઋદ્ધિના વધારે,
સંસારના કાર્ય તમામ ત્યાગે,
જ્ઞાની ગુરૂ જીવિત એમ ગાજે. ૧
શાસ્ત્રોદધીમાં મતિને ઉતારે,
તત્વો તપાસી મમતા ઉતારે;
દે દેશના ભવ્ય તમામ તારે,
જ્ઞાની ગુરૂ જીવિત એમ ગાજે. ૨
સંતાપ વારે સમતા વિચારે,
કુબુદ્ધિ ટાળી ગુણને વધારે;
વીચારીને દીર્ઘ દ્રષ્ટે નીહાળે,
જ્ઞાની ગુરૂ જીવિત એમ ગાજે.
મોહાદિ શત્રુ મનમાં વિચારે,
સંબંધ તેના દુઃખરૂપ ધારે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારમાં વિષમ વિષ ભાળે;
જ્ઞાની ગુરૂ જીવિત એમ ગાળે. ૪
શીષ્યો ભણાવે હિત•શીખ આપે,
ગુણો વધારે દુરગુણ કાપે;
સંભાળ રાખે સહુ દોષ ખાળે,
જ્ઞાની ગુરૂ જીવિત એમ ગાળે. ૫
વૈરાગ્ય રંગે રમતા ઉમંગી,
સંવેગ સંગી ગુણિના પ્રસંગી
સર્વેજનોને બહુ બોધ આલે,
જ્ઞાની ગુરૂ જીવિત એમ ગાળે. ૬
માયા તજે ક્રોધ કદી ન લાવે,
ધારી ઉરે ધાર્મિક બીજ વાવે;
સ્યાદ્વાદ વાદે હઠ વાદ ગાળે,
જ્ઞાની ગુરૂ જીવિત એમ ગાળે. ૭
પંચેંદ્રીઓ દુષ્ટ વિકારવાળી,
તેને દમે દેહ તમામ ગાળી;
નારી પરાઇ કદિ ના નિહાળે,
જ્ઞાની ગુરૂ જીવિત એમ ગાળે. ૮
પોતા તણીતે ન કરે પ્રશંસા,
નીંદા પરાઇ ન કરે મુનીશા
તૃષ્ણા તજીને મન નીજ વાળે,
જ્ઞાની ગુરૂ જીવિત એમ ગાળે. ૯
ધર્મોપયોગી શુભ કામ માટે,
વિચાર જેના બહુ કામના છે;
આશ્રીતને આશ્રય નીત્ય આલે,
જ્ઞાની ગુરૂ જીવિત એમ ગાળે. ૧૦
નીંદા સ્તુતીએ સમચીત્ત રાખે,
ના તે કદી હર્ષ વિષાદ ચાખે;
ભાખે ન જૂઠું મુનિ કોઇ કાળે,
જ્ઞાની ગુરૂ જીવિત એમ ગાળે. ૧૧

જ. ડા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સિદ્ધપુરનો સોમયજ્ઞ.

ગયા ફાલ્ગુન માસની સુદ દશમીએ આરંભ થયેલો અને પૂર્ણિમાએ પૂર્ણ થયેલો સોમયજ્ઞ ઘરે ઘરે ગવાણો, માસીક પત્ર અને વર્તમાન પત્રમાં ચરચાણો તથા દેશ વિખ્યાત થયો. એ યજ્ઞ બ્રાહ્મણોના પવિત્ર ક્ષેત્ર સિદ્ધપુરમાં પોતાને સર્વથી પવિત્ર માનનારા બ્રાહ્મણો તરફથી કરવામાં આવ્યો હતો અને તેમાં પ્રાંતે પશુનો બલિ આપવામાં આવ્યો હતો. પશુનો બલિ એટલે મરી ગયેલા પશુઓના માંસનો બલિ નહિ પરંતુ ત્રણ અથવા તેથી વધારે જીવતાં બકરાંઓને નિર્દય રીતે રીબાવી રીબાવીને મારી નાખી તેનું માંસ વગેરે કાઢી તેનો બલિ આપવામાં આવ્યો હતો અને એ માંસની પ્રસાદી બ્રાહ્મણોએ ખુશીથી આરોગી હતી. જન સમુહનો મ્હોટો ભાગ આ કાર્યને નિંદ્ય અને ક્રૂર ગણે છે તોપણ ધર્મને નામે કરાતી એ મહાપાપી યજ્ઞ ક્રિયાને સમાન બનાવવા કેટલાક બ્રાહ્મણો એ કાર્ય વેદાજ્ઞા પ્રમાણે થયું છે અને વેદમાં કહેલી હિંસા તે હિંસા નહિ પણ અહિંસા ગણવી એમ કહી નિર્દય કાર્ય કરનારાને નિર્દોષ ઠરાવવા માગે છે અને વેદને પવિત્ર મનાવવા માગે છે. હવે પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે હિંસા એ નિંદ્ય છે કે નહિ, વેદમાં હિંસા કરવાનું કહ્યું છે કે નહિ અને કહ્યું છે તો વેદને આર્ય શાસ્ત્રમાં ગણવા કે અનાર્ય શાસ્ત્રમાં ગણવાં?

આતો સિદ્ધાંત છે કે આર્યો પરંપરાથી દયાધર્મી ગણાય છે. અહિંસા પરમો ધર્મઃ એ આર્ય હૃદયનો મુખ્ય સિદ્ધાંત છે. મુખ્યત્વે હિંસા આદરવાના કારણથીજ આર્ય અનાર્યનો ભેદ પડેલો છે. કોઈને પણ હિંસક કાર્ય કરતો જોઈ આર્ય હૃદય અતિશય કચવાય છે અને તે માણસની તરફ ધિક્કારની દ્રષ્ટિએ જોઈ તેને શિક્ષા કરાવવા યત્ન કરે છે. માંસ મદિરાને અડકવાથી પણ પાપમાં પડાય એ આર્ય રીવાજ પરંપરાથી પ્રચલિત છે. ગાય વગેરે નિરપરાધી પશુઓની હિંસા થતી અટકાવવાને પૂર્વે આર્યવીરોએ મ્લેચ્છોની સાથે ઘણા યુદ્ધ કરેલા છે. હજુ પણ પશુ વધ કરનાર અને પશુ માંસ ખાનાર તરફ તીરસ્કાર ભરેલી નજરથી જોવાય છે અને પરધર્મી રાજ્ય છતાં પણ એવી ક્રિયાઓ, આર્ય હૃદય ન દુઃખાય તેટલા માટે એકાંત સ્થળે કરવાનો કાયદો પ્રવર્તે છે. તમામ આર્ય શાસ્ત્રોનો દયા એ મુખ્ય વિષય ગણાય છે અને તેટલા માટેજ આર્યશાસ્ત્ર ઉત્તમ ગણાય છે. આર્ય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નું કોમળ હૃદય હિંસા થતી જોઇ કંપેછે અને તેથીજ તેનું આર્યપણું સિદ્ધ થાય છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે હિંસા કરવી એ અતિ નીચ અને નિંધ કૃત્ય છે. સિદ્ધપુરના બ્રાહ્મણોએ કરેલું કાર્ય હિંસા યુક્ત છે તેથી તેઓએ મહા નીચ કૃત્ય કરયું છે એમ સાબીત થાય છે. તેઓના આ કૃત્યની વાત સાંભળી દેશના તમામ લોકોના દીલ દુઃખાયા છે પરંતુ બ્રાહ્મણોના પાશમાં ધાર્મીકબાબતથી સપડાએલા લોકો આ સંબંધમાં વધારે હીલચાલ કરી શકતા નથી. તેઓ જેમ કસાઇવાડામાં મરાતા પશુઓની બાબતમાં પરધર્મી રાજ્યને લીધે બોલી શકતા નથી તેમ ધર્મને નામે થતી આ કસાઈ ક્રિયાની બાબતમાં પણ બ્રાહ્મણો સામે બોલી શકતા નથી. કોઇ પણ માણસ આ સંબંધે તકરાર કરવા નીકળે છે ત્યારે તેઓ એ બ્રાહ્મણો એવા છે પણ બીજા એવા નહિ એમ કહી બ્રાહ્મણોનું માન વધારવાનો પ્રયત્ન કરે છે. તેઓની આ દલીલ હિંસા કરનારા બ્રાહ્મણો અને તેના મતવાળા ખોટી પાડે છે. તેઓ કહેછે કે અમે વેદમાં કહ્યા પ્રમાણે કર્યું છે અને જેઓ અમારી પ્રમાણે નથી કરતા તેઓ વેદ કથન મુજબ દુર્બ્રાહ્મણ છે. આ ઉપરથી વેદ પણ હિંસકશાસ્ત્ર અને અપવિત્ર શાસ્ત્ર છે એમ તેઓ સિદ્ધ કરે છે. વેદાંતીઓ પોતાની આ પોલ છુપાવવા જુદા જુદા પ્રકારના પ્રયત્ન કરેછે. કેટલાક કહેછે કે વેદમાં એવું કથન હોયજ નહિં; પણ એ દલીલતો પ્રત્યક્ષ રીતે ખોટી છે કારણ કે વેદમાં સ્થળે સ્થળે હિંસા કરવાનું લખ્યું છે. કોઈ કહે છે કે વેદમાં એવું કહ્યું હશે પણ તે સત્યયુગને માટે; કલિયુગને માટે નહિં. આ દલીલથી તો આપણે વધારે આશ્ચર્ય પામવાનું છે કે જે સમયમાં હિંસા થાય તે કલિયુગ કે હિંસા ન થાય તે કલિયુગ? ડાહ્યા માણસોતો કબુલ કરશે કે જો અગાઉ એવી હિંસા થતી હોયતો તે સમયને કલિયુગજ સમજવો. વેદ વેદ એવા શબ્દથી મોહી જનારા પણ વેદની પોલ નહિ જાણનારા ભોળા લોકો બીચારા બ્રાહ્મણોની આ દુષ્ટ ક્રિયા ઉપર ઢાંક પીછોડો કરવા અને અપવિત્ર વેદને પવિત્ર મનાવવા આવી આવી દલીલો કરેછે પણ તે જરા પણ ટકી શકતી નથી.

યજ્ઞક્રિયાને શ્રેષ્ટ માનનારાતો છડે ચોક બ્રાહ્મણોએ કર્યું છે તે ઠીક કર્યું છે એમ કહી આ યજ્ઞક્રિયાને ટેકો આપેછે. સુદર્શન અને ગુજરાતી પેપરોમાં આ મતલબના લખાણો છપાયા છે અને તેમાં તેઓ સાબીત કરે છે કે વેદમાં હિંસા કરવાનું કહ્યું છે, માંસ ખાવાનું કહ્યું છે, સુરાપાન કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નું કહ્યું છે અને વેદવિહિત હિંસા તે હિંસા નહિ પણ અહિંસા સમજવી.

થોડા વખત ઉપર **જૈનાચાર્ય ન્યાયાંભોનિધિ મુનિ મહારાજ શ્રી આત્મારામજી** તરફથી **અજ્ઞાનતિમિર ભાસ્કર** નામે ગ્રંથ બહાર પડયો છે. આ ગ્રંથમાં વેદની આવી સઘળી પોલ પ્રત્યક્ષ રીતે જણાવી છે અને વેદ એ આર્ય શાસ્ત્ર નહિ પણ અનાર્ય શાસ્ત્ર, પવિત્ર પુરૂષના બનાવેલા નહિ પણ માંસાહારીઓના બનાવેલા છે એમ સાબીત કર્યું છે. ગ્રંથ બહાર પડતી વખત વેદાંતીઓ તરફથી કહેવામાં આવતું કે એ સઘળું લખાણ જુઠું છે અને વેદમાં એવું કાંઈપણ છે નહિ. કેટલાકો તરફથી તો લાઇબલ માંડવાની પણ ધારતી બતાવવામાં આવતી હતી પણ સાચા આગળ ખોટાનો શો આશરો. અંતે સિદ્ધપુરના યજ્ઞે અજ્ઞાનતિમિર ભાસ્કરના લખાણની સત્યતા વિષે ખરેખરો પુરાવો આપ્યો છે અને એ ગ્રંથનુ સઘળુ લખાણ સત્ય છે એમ સાબીત થયું છે. વેદાંતીઓ કહેછે કે હિંસા એ કર્તવ્ય નથી પણ વેદમાં કહેલી હિંસાતો કર્તવ્ય છે. આ પણ સારો ન્યાય કે ખૂન એ અકર્તવ્ય છે પણ ન્યાયાસન ઉપર બેસીને કરવામાં બાધ નથી. આવી દલીલ કોણ ડાહ્યા માણસ કબુલ કરશે બુદ્ધિમાનો તો એમજ કહેશે કે હિંસા કરવી એ પાપ કર્મ છે અને ધર્મને નામે હિંસા કરવી એમાંતો હજાર ગણું પાપ છે. વેદાંતીઓએ તો ધર્મને નામે માંસ ખાવાનો આ રસ્તો શોધ્યો દેખાય છે. વધારામાં તેઓ કહેછે કે વેદમાં કહ્યું હોય તે શ્રધ્ધા પુર્વક માનવું. આવી આંધળી શ્રધ્ધા ડાહ્યા માણસો તો કબુલ કરેજ નહિ. જગતમાં કોઇને હિંસક કાર્ય કરતા જોઇ પોતે ઉપરથી કચવાવું, કોઈને અડકતા પણ અભડાઈ જવાનો ઢોંગ કરવો, અમે સર્વથી પવિત્ર છીએ એવો ડોળ બતાવવો અને ધર્મને નામે મહા નિર્દય રીતે હિંસા કરવી ને તે માંસ ખુશીથી બ્રાહ્મણોએ આરોગવું એવી વેદની આજ્ઞા માનવી એ આંધળી શ્રદ્ધા અને મિથ્યાભ્રમજ ગણાય. વેદાંતીઓ પોતાને માંસ ખાવાની ઇચ્છાથી ઠરાવેલ આ યજ્ઞક્રિયાઓમાં મારવામાં આવતા પશુઓનો મોક્ષ થાય છે એવી દલીલ લાવે છે. આવો મોક્ષ પામવાનો સૌથી ઉત્તમમાં ઉત્તમ રસ્તો! પણ વેદાંતીઓ પોતે એ રસ્તે શામાટે નથી પ્રવર્તતા? નિરપરાધી પશુઓને મોક્ષ આપવાનો પરોપકાર કરવા નીકળે છે તે કરતાં પોતે જાતે મોક્ષ પામવાની ઇચ્છા શા માટે નથી કરતા એવું કોઇ કારણ બતાવી શકશે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમને આ સંબંધી ઘણું લખવાનું છે પરંતુ " જ્યાં પોતાનો ગોળ ગળ્યો અને બીજાનો મોળો " એવી આંધળી શ્રદ્ધાથી વેદને પવિત્ર માનનારા હોય ત્યાં આગળ કહેવું શા કામનું. ડાહ્યા માણસો તો સમજી ગયા છે કે વેદ એ આર્યશાસ્ત્ર નહિ પણ અનાર્યશાસ્ત્ર છે. યજ્ઞની આ ક્રિયામાં મારવામાં આવતા પશુ સંબંધી તથા તેઓની ચરબી તથા માંસ વગેરે જુદા કાઢી તેનો ઉપયોગ કરવા સંબંધી બ્રાહ્મણોની નિર્દયતા સાંભળીને કંપારી છુટે છે. અરેરે! આવી આજ્ઞા કરનારા વેદને પવિત્ર માનવા એને ઠગાઈ કોણ નહિ કહે?

સુદર્શન વળી નિત્ય, નૈમિત્તિક અને કામ્ય કર્મનો ભેદ પાડી આ યજ્ઞક્રિયાને કામ્ય ક્રિયામાં ઠરાવે છે અને કામનાથી કાંઇ પણ વધ કરવામાં આવે તો તેમાં કાંઇ અયોગ્ય નથી એમ ઠરાવવા માગે છે પણ આ કેવું ખોટું છે એ સહજમાં જણાય તેવું છે. મુસલમાનો પણ પોતાની કામના વાંછના પૂર્ણ થવાને માટેજ પશુઓને મારે છે તો આવી ક્રિયા કરનાર બ્રાહ્મણો અને મુસલમાનોમાં ફેર શો માનવો એ કાંઇ ખબર પડતી નથી.

વિશેષ સાર એટલોજ કે બ્રાહ્મણોએ આ યજ્ઞક્રિયામાં નિર્દયતાથી કરેલી હિંસા તરફ સર્વ મનુષ્યોએ ધિક્કાર દ્રષ્ટિ બતાવવાની જરૂર છે અને એવા બ્રાહ્મણોને અડકવાથી પણ પાપ માનવું અને તેઓનો છાંટો લેવાથી પણ અભડાયા જેવું ગણી તેની સાથેનો સઘળા પ્રકારનો સંબંધ છોડવો જોઇએ; વેદાંતીઓ ભલે ગમે તેમ વર્તે પણ જૈનોએ તો આ બાબતને માટે પૂર્ણ પ્રયત્ન કરવાની જરૂર છે અને એવા બ્રાહ્મણોની સાથે કોઇ પણ પ્રકારનો વ્યવહાર રાખનાર બ્રહ્મણને પોતાના ગોર તરીકે નાકબુલ કરવા જોઇએ.

આ પ્રસંગે અમને એક બીજી બાબત સાંભરી આવે છે તે એવી છે કે **સુદર્શનના** અધિપતિ તરફથી થોડા વખત ઉપર **સિદ્ધાંતસાર** નામે પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે. તેઓ સાહેબ દરેક ધર્મની બાબતમાં કાંઇ પણ જાણવાનું ડોળ ઘાલે છે અને જાણે પરોક્ષ રીતે નિષ્પક્ષપાત બુદ્ધિથી સર્વ ધર્મનું વિવેચન લખ્યું હોય એમ બતાવે છે. પોતાના સિદ્ધાંતસારમાં જૈન મતને તેઓ નાસ્તિક મતમાં ગણે છે. અમને આશ્ચર્ય થાય છે કે એઓ આસ્તિક અને નાસ્તિક કોને કહે છે? અમારા સમજવા પ્રમાણે તો જેઓ હિંસા કરે, પાપ, પુણ્ય, સ્વર્ગ, મોક્ષ, પુનર્જન્મ ન માને અને બીજન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુષ્ટ કાર્યો કરે તે નાસ્તિક અને જેઓ હિંસાથી દૂર રહે, પુણ્ય, પાપ, સ્વર્ગ, નર્ક, મોક્ષ, પુનર્જન્માદિક માને અને દુષ્ટ કાર્યો કરતા અચકાય તે આસ્તિક. સુદર્શનના અધિપતિ પોતેજ આ ક્રિયાને વેદ રીતિ પ્રમાણે કરેલી કહે છે, તેને સ્તુત્ય ગણે છે અને વેદમાં એવા યજ્ઞ અને યજ્ઞ નિમિત્તે હિંસા કરવાનું કહ્યું છે એમ સાબીત કરે છે. હવે નાસ્તિક તે જૈન કે વેદાંતી એનો તેઓ જવાબ આપશે? જેઓ વેદને માને તેજ આસ્તિક એમ તેઓ માનતા હોય તો ભલે, જૈનોને એવા આસ્તિક થવું પણ નથી. એ આસ્તિકતા ભલે વેદાંતીઓને અમર રહે. જૈનીઓ એવી આસ્તિકતાથી દૂર રહેવાજ માગે છે કારણ કે હિંસાના કારણથી જૈનો વેદને કુરાનમાં કાંઈ ફેર ગણતા નથી. કુરાન બાઇબલમાં તો નિરપરાધી પશુઓને મારવાની મનાઇ છે એમ સંભળાય છે અને વેદમાં પ્રત્યક્ષ રીતે નિરપરાધી પશુઓને ધર્મને બહાને મારવાની છૂટ આપી છે તો એવા વેદો ભલે સુદર્શનના અધિપતિ અને તેના મતવાદીઓ ઉત્તમ ગણે. ડાહ્યા માણસો તો એવા વેદની ઉત્તમતા કબુલ રાખશેજ નહિ અને જૈનો આસ્તિક કે વેદાંતી આસ્તિક તે આવા કાર્યોથી પ્રત્યક્ષ રીતે જાણી શકશે.

સુદર્શન વળી યજ્ઞ કરનાર ગણપતરામને સારા સારા વિશેષણો આપે છે અને આગળ ઉપર સૂત્રામણિ નામે યજ્ઞ, જેમાં સોમ પાનને બદલે સુરાપાન (મદિરાપાન) અને સોમયજ્ઞથી પંચગુણો પશુવધ એટલે સોમ યજ્ઞમાં પાંચ બકરા માર્યાં હોય તો તેમાં પચવીશ ત્રીશ બકરાં મારવાના—એવો યજ્ઞ કરવાની તેની ઇચ્છા છે એમ જણાવે છે. સારા સારા વિશેષણો આપવાથી આ યજ્ઞક્રિયા સંબંધી સુદર્શનના મનના ઉદ્‌ગાર નીકળે છે અને સૂત્રામણિ યજ્ઞની હકીકત તેના નિષેધ રહીત આપવાથી સુદર્શનની એ બાબત સંબંધી અનુકૂળતા પ્રકટ થાય છે. સુદર્શનના અધિપતિ સત્યધર્મ શોધક અને સ્વધર્માભિમાની હોવાનું વારંવાર ડોળ ધાલે છે પણ આ હકીકત વાંચતા તો અમને એ સઘળો પ્રપંચ લાગે છે. કારણ કે પોતે વિદ્વાન છતાં, ન્યાય વેત્તા છતાં અમુક પ્રકારની હિંસા તે હિંસા અને અમુક પ્રકારની હિંસા તે હિંસા નહિ એમ માને તે અમને તો આશ્ચર્યકારક લાગે છે. એક માણસ હોટેલમાં જઈ કર્મ માર્ગમાં પ્રવર્ત્તતો દારૂ, માંસ વાપરે તેની સામે ધિક્કાર બતાવવો અને ધર્મ માર્ગે તેવી દુષ્ટ ક્રિયા કરનારને અનુમત થવું એ અમને તો વિચિત્રજ લાગે!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવું લખી સુદર્શનના અધિપતિને દુઃખ લગાડવાનો અમારો બીલકુલ હેતુ નથી. દુઃખ લાગે તો તેઓએ ક્ષમા કરવી પરંતુ હિંસાનું પ્રતિપાદન કરવાથી અને હિંસક ક્રિયામાં સંમત થવાથી એમની વિદ્વતા અને એમની સત્ય ધર્મ શોધક બુદ્ધિ કલંકિત થાય છે માટે આટલું સૂચના દાખલ લખ્યું છે.

વળી વિશેષ લખવાનો હેતુ એવો પણ છે કે સોમયજ્ઞ—બકરાવધ—કરનાર ગણપતરામજી હજી વધારે હિંસાના યજ્ઞ કરવાની મુરાદ રાખે છે તો જૈન, વૈષ્ણવ, સ્વામીનારાયણ વગેરે જેઓ દયાધર્મી હોય તેઓએ જાગૃત થવું અને આ દુષ્ટ કર્મ થતા અટકાવત કરવી દયાના કામમાં જ્યારે ખરૂં વીર્ય પ્રકટ નહિ થાય ત્યારે બીજા શેમાં થશે? આપણી ફરજ છે. આપણો ધર્મ છે, આપણે આર્ય છીએ, અને આર્યોનો દયા મુખ્ય ધર્મ છે માટે આ બાબત સર્વે ભાઈઓ જેઓ ધર્મ શબ્દને સમજતા હોય તેઓએ તન મન ધનથી પ્રયત્ન કરવાની જરૂર છે. જો તેમ નહિ થાય તો પશુ મારનારા ઘણા નિરપરાધી પશુઓનો ઘાણ કાઢશે.

---

## શ્રી ભાવનગર શ્રાવક સમુદાયની ચૈતર વદ ૧ મે મળેલી જાહેર સભાનો હેવાલ.

### ('મુનિ. વૃદ્ધિચંદજી જૈન વિદ્યાશાળા' સ્થાપન કરવાનો બહાર પડેલો વિચાર)

ભાવનગર શેહેર વ્યાપાર વિગેરે બાબતમાં દિનપર દિન વૃદ્ધિ પામતું જાય છે તે અરસામાં ધર્મ કાર્યની બાબતમાં આપણો શ્રાવક વર્ગ પણ સુમારે દશ વર્ષથી વિશેષ વૃદ્ધિ પામેલો છે અને દેશ પરદેશમાં ભાવનગરનો શ્રાવક સમુદાય પ્રખ્યાતિ પામ્યો છે એ સઘળાનું મુખ્ય કારણ પરમ ઉપગારી મુનિરાજ મહારાજશ્રી વૃદ્ધિચંદજી છે. એમના બહુ વખતના ઉપદેશથીજ ભાવનગરનો શ્રાવક વર્ગ ધર્મ સંબંધી ઉચ્ચ સ્થીતિને પામેલો છે. એ તેમના ઉપગારને સ્મરણ કરીને તેમના ઉત્તમોત્તમ નામની યાદગિરી કાયમ રાખવાનો સંઘના મુખ્ય મુખ્ય ગ્રહસ્થોના હૃદયમાં વિચાર આવવાથી એક જાહેર ખબર બાહાર પાડીને ચૈતર વદી ૧ ની રાત્રીના નવ કલાકે મહારાજશ્રીવાળા વંડામાં સમસ્ત શ્રાવક વર્ગની એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટી સભા મેળવી તેમાં સુમારે પાંચશે ઉપરાંત ગ્રહસ્થો એકઠા મળ્યા હતા. તે સભામાં થએલા કામકાજનો હેવાલ નીચે પ્રમાણે---

પ્રારંભમાં સભા ભરવાને માટે બાહાર પાડેલી જાહેર ખબર મુજબ હેતુ કહી સંભળાવીને શા. કુંવરજી આણંદજીએ દરખાસ્ત કરી કે આજની સભામાં શેઠ જસરાજ સુરચંદે પ્રમુખ સ્થાન શોભાવવું. તેને વકીલ મુળચંદ નથુભાઈએ ટેકો આપ્યો એટલે તેઓએ પ્રમુખસ્થાન સ્વીકાર્યું. ત્યાર પછી સભાના મંત્રી તરીકે કામ કરવા વાસ્તે શા કુંવરજી આણંદજીને માટે શેઠ. અમરચંદ જસરાજે દરખાસ્ત કરી તેને શા. મગનલાલ સુંદરજીએ ટેકો આપ્યો. એટલે સભાનો ઉપગાર માનીને શા. કુંવરજી આણંદજીએ સભાનું કામ શરૂ કર્યું. પ્રારંભમાં સભા ભરવાનો હેતુ ટુંકામાં કહી સંભળાવ્યો તે નીચે પ્રમાણે

સદ્ગૃહસ્થો! આજે આપણે એક મહા ઉત્તમ કાર્યને માટે એકઠા થએલા છીએ. સભાનો હેતુ કેટલેક અંશે બાહાર પડેલો હોવાથી અત્યારે અહીંયા પધારેલા ગ્રહસ્થોની મુખમુદ્રા ઉપર બેસુમાર ઉત્સાહ પ્રદર્શીત થાય છે. મુનિ **મહારાજશ્રી વૃદ્ધિચંદજી** આપણા પરમઉપગારી છે. એમણે આપણી ઉપર ઉપગાર કરવામાં બાકી રાખી નથી એ ઉપગારનો બદલો આપણે કોઇ પણ પ્રકારે વાળી શકીએ તેવું નથી તોપણ એ ઉપગારી પુરૂષનું નામ નિરંતર સ્મરણમાં રહે એવા હેતુથી તેમનું નામ કોઈ મહાશુભ કાર્ય સાથે જોડી દેવું એવો સર્વ ભાઈઓના મનમાં ઉત્સાહ થયો છે. હવે શુભ કાર્યનો વિચાર કરતાં જ્ઞાન દાન સરખું ઉત્તમ કાર્ય બીજું કોઇ નથી. જ્ઞાન બે પ્રકારનું છે. વ્યવહારીક જ્ઞાન અને ધાર્મીક જ્ઞાન. તેમાં વ્યવહારીક જ્ઞાન તો આજીવીકાના હેતુએ સહુ કોઈ મેળવ્યા વીના રહેતા નથી. પરંતુ ધાર્મીક જ્ઞાનને માટે યોગ્ય સગવડની જરૂર પડે છે તે શિવાય લઈ શકાતું નથી. એ સગવડ **જૈન વિદ્યાશાળા** કરવાથીજ બની શકે છે. યાદ કરશો તો સ્મરણમાં આવશે કે પ્રથમ એ ઉપગારી પુરૂષેજ સંવત ૧૯૩૦ ની સાલમાં એક જૈનશાળાનું સ્થાપન અત્રે કરાવ્યું હતું પરંતુ તેનું બંધારણ મજબુત નાના પાયાનું હોવાથી તે લાંબો વખત ચાલી નહોતી તોપણ જે ચાર પાંચ વર્ષ તે જૈનશાળાએ ચાલી તેટલા વખતમાં ઘણા બાળવયના વિદ્યાર્થીઓએ સારૂં જ્ઞાન મેળવ્યું જેનું ફળ અત્યારે આપ સાહેબોને દ્રષ્ટિએ પડે છે એટલે કે તે અરસામાં મેળવેલા જ્ઞાનનો સા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ અત્યારે તે વખતના વિદ્યાર્થીઓ આપણને આપે છે. જ્યારે જ્ઞાન દાનની મુખ્યતા આપણને સમજાય છે અને જ્ઞાન મેળવવાથીજ કર્તવ્ય અકર્તવ્ય ઓળખી શકાય છે તેમજ ધર્મ કાર્યનું વિશેષ આરાધનપણું જ્ઞાન પ્રાપ્તિ કરવાથીજ થાય છે ત્યારે જો સર્વે બાન્ધવોના હૃદયમાં એ વિચાર ઉતરે તો આપણે એક મોટા પાયા ઉપર જૈન વિદ્યાશાળાનું સ્થાપન કરવું અને તેની સાથે આપણા ઉપગારી ગુરૂ મહારાજનું નામ જોડી દેવું. જ્ઞાનની મુખ્યતા અને આવશ્યકતા તેમજ ગુરૂ મહારાજના ઉપગારનો વિસ્તાર વ્યાખ્યા મારા બીજા મિત્રો આવી કરી બતાવવાના હોવાથી ટુંકામાંજ મારો વિચાર અને સભાનું ખાસ કર્તવ્ય જણાવીને હું બેસવાની રજા લઉં છું. ”

સભાના મંત્રીનું ટુંક પણ અસર કારક ભાષણ પૂરૂં થયા બાદ વકીલ મુળચંદ નથુભાઈ ઉભા થયા અને તેમણે મંત્રીના ભાષણના ટેકામાં એક ટુંક પણ અસરકારક યુક્તિબાધ ભાષણ કર્યું અને તેમાં પ્રસ્તુત કાર્યની આવશ્યકતા, ધાર્મિક જ્ઞાન મેળવવાની જરૂર, ભાવનગરના સંઘ ઉપર મહારાજશ્રીએ કરેલા પારાવાર ઉપકાર, જૈન વિદ્યાશાળા સ્થાપન કરવાના ઉત્તમ વિચારને અનુમોદન, મહારાજશ્રીનું નામ જોડી દેવાનો વિચાર, એવા ઉત્તમ નામના જોડાવાથી એ કાર્યની વૃદ્ધિ અને નિર્વિઘ્નપણું, સર્વે બાઈઓએ યથાશક્તિપણે ઉદારતાની રીતે મદદ આપવાની ભલામણ અને પોતાનો એ કાર્યમાં પરિપૂર્ણ ઉત્સાહ. એટલા વિષયોનું બહુ સારી રીતે સ્પષ્ટીકરણ કરી બતાવ્યું.

ત્યારબાદ શા. અમરચંદ ઘેલાભાઈ ઉભા થયા અને તેમણે પણ સભાના દીલનું સારી રીતે રંજન કર્યું. તેમના ભાષણમાં મુખ્ય બે વિષયો હતા. એક જ્ઞાન મેળવવાની આવશ્યકતા અને બીજો પુર્વોક્ત મહા પુરૂષના ઉપગારનો વિસ્તાર. પ્રારંભમાં તેમણે કેટલાક શ્લોકો વડે એમ સ્પષ્ટ કરી બતાવ્યું કે જ્યાં સુધી મનુષ્ય જ્ઞાન મેળવીને મનુષ્યત્વ મેળવતું નથી ત્યાં સુધી તેનામાં અને પશુમાં બીલકુલ તફાવત નથી. જ્ઞાન મેળવવાથી માણસના વિચારો સુધરે છે અને તેથી તે અનેક પ્રકારના ઉત્તમ કાર્યો કરી શકે છે માટે જ્ઞાન પ્રાપ્તિના સાધન રૂપ જૈન વિદ્યાશાળાનું સ્થાપન કરવાની ખરેખર આવશ્યકતા છે. ભાષણના બીજા વિષયમાં મુનિમહારાજ શ્રી વૃદ્ધિચંદજીના ઉપગારનું સ્મરણ કરાવતાં પ્રથમ તેઓ સાહેબના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન્મથી અત્યાર સુધીની કારકીર્દીનું ટુંકુ વર્ણન કરી બતાવ્યું હતું તેનો ટુંકો સાર આ પ્રમાણે હતો-આપણા ઉપગારી ગુરૂ મહારાજની જન્મભૂમિ પંજાબ દેશમાં રામનગર નામે શેહેર છે. તેઓનો જન્મ સંવત ૧૮૯૦ માં થયો છે અને માત્ર ૧૮ વર્ષની નાની વયમાંજ બાળ બ્રહ્મચારી પણામાં અનેક પ્રકારની સમૃદ્ધિનો ત્યાગ કરીને ૧૯૦૮ ના વર્ષમાં શ્રી દીલ્હી શેહેરમાં મુનિ મહારાજ શ્રી બુટેરાયજી પાસે દીક્ષા ગ્રહણ કરી છે દીક્ષા ગ્રહણ કર્યા પછી ત્રીજેજ વર્ષે ગુજરાતમાં આવ્યા તે પાછા ફરીને પંજાબ તરફ ગયાજ નહીં એટલા ઉપરથી એમ સાબીત થાય છે કે તેઓ સાહેબે જન્મતો પંજાબમાં ધારણ કર્યો પરંતુ તે ગુજરાતને માટેજ અને તેમાં પણ કાઠીયાવાડને માટે અને તેમાં પણ વિશેષ ભાવનગરને માટેજ ધારણ કર્યો છે. તેઓ સાહેબે ઉપગારતો અનેક ગામોમાં તેમજ અનેક દેશમાં કરેલો છે તોપણ ભાવનગર ઉપરનો ઉપગાર તો પારાવારજ છે. એ ઉપગારનું વર્ણન કરી શકાય તેમ નથી. તેઓ સાહેબના છેલ્લા દશ વર્ષના ભાવનગરના નિવાસમાં અનેક શુભ કાર્યો ભાવનગરની અંદર બની આવ્યા છે. મોટો સમોસરણનો ઉત્સવ, બે મોટી પ્રતિષ્ઠાઓ, બે મોટા ઉજમણાઓ, વીશ ઉપરાંત દિક્ષા મહોત્સવો, અનેક અઠ્ઠાઇ મહોત્સવો, કેટલાક વૃદ્ધ સ્નાત્ર તથા શાંતિ સ્નાત્રો, ઉપધાનનું વહન, મુનિરાજની યોગ ક્રિયા અને બીજા પણ પ્રસંગે પ્રસંગે અનેક શુભકાર્યો, અનેક પ્રકારના નાના મોટા ઉત્સવો, જાત્રાના વિગેરેના વરઘોડાઓ અને દેવ દ્રવ્ય તથા જ્ઞાન દ્રવ્યાદિકમાં બહુજ વૃદ્ધિ થયેલ છે. આ સઘળા કાર્ય ઉપરાંત ભાવનગરના સંઘને આખા હિંદુસ્થાનમાં પ્રસિદ્ધિમાં લાવનાર કાર્ય તે શ્રી શત્રુંજય તીર્થના સંબંધમાં અડચણ કરનારાઓને માટે લેવાયેલા યોગ્ય ઇલાજોમાં સારી રીતે ભાગ લીધો તે કાર્ય છે. આ કાર્યમાં સંઘના આગેવાન ગ્રહસ્થોને પ્રેરણા, ઉત્સાહમાં વૃદ્ધિ અને પોતાની અત્યંત ડહાપણ ભરેલી સલાહ તેઓ સાહેબે આપેલ છે. આવા ઉપગારી પુરૂષનો ઉપગારનો બદલો આપણે કોઈ પણ રીતે વાળી શકીએ તેમ નથી તોપણ પ્રથમ મારા બીજા મિત્રોએ જણાવેલા વિચાર પ્રમાણે જો આપણે તેઓ સાહેબના શુભ નામવડે અલંકૃત જૈન વિદ્યાશાળાનું સ્થાપન કરીએ તો તે એઓ સાહેબના ઉપગારની યાદગિરિ ગણી શકાય ખરી માટે અત્યારે મળેલા સર્વે ગ્રહસ્થોની ફરજ છે કે તેમણે આ શુભકાર્યમાં પોતાની ઉદારતા દર્શાવવી અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને ધારેલી ધારણાને ફળીભુત કરવી."

ઉપરના ભાષણથી સર્વ પ્રહસ્થોના મન ઉપર બહુ સારી અસર થઇ તોપણ તે અસરમાં વૃદ્ધિ કરવા માટે ત્યાર પછી વોરા. હઠીશંગ ઝવેર, શા. હરીચંદ નથુભાઇ અને શા. ગીરધર હેમચંદે નાના નાના ભાષણો કર્યા.

ત્યાર બાદ વોરા અમરચંદ જશરાજે પ્રસ્તુત પ્રસંગને અનુસરતી એક બહુ સરસ **જૈનશાળા** સંબંધી કવીતા આ ચોપાનીઆના પુસ્તક ૨ માના બીજા અંકમાંથી વાંચી સંભળાવી જેથી શ્રોતાજનોના મન બહુ પ્રસન્ન થયા.

કવીતા વંચાઇ રહ્યા બાદ **શ્રી જૈનધર્મ પ્રસારક સભાના** શાસ્ત્રી નર્મદાશંકર દામોદરે ચાલતા વિષયને લગતા શ્લોક જે તેજ વખતે નવા બનાવ્યા હતા તે અર્થ સાથે વાંચી બતાવ્યા જેથી તેમની કવીત શક્તિને માટે સભાએ બહુજ તારીફ કરી. તે શ્લોક નીચે પ્રમાણે—

**आसन् यत्र पुरा स्वधर्मनिरताः केचिज्जना धार्मिकाः ।**
**केचित्तत्वविदो न यत्र यदि वा स्युश्चेन्नयक्ता गुरौ ॥**
**तेषां पुण्यसुयोगतोऽत्र गुणवान् गांभीर्यवारांनिधिः ।**
**प्राप्तः श्रीमति भव्य भावनगरे श्री वृद्धिचंद्रो मुनिः ॥१॥**
**तत्र श्री युत भव्य भावनगरे ह्याबालवृद्धाजनाः ।**
**सर्वे धर्मयुताः सुकर्मनिरता धर्मोत्सवे तत्पराः ॥**
**तेषां सत्कृपया तु संप्रति शुभाः सद्बोधयुक्ताः सदा ।**
**दृश्यंते हि समः परोह्युपकृती श्री वृद्धिचंद्रेण कः ॥२॥**

અર્થ—જે ભાવનગર શેહેરમાં પૂર્વે જૈનમાર્ગના કોઇકજ લોકો પોતાના ધર્મમાં તત્પર હતા અને જ્યાં જૈનશાસ્ત્રના તત્વને જાણનારા તો કોઇ પણ હતા નહીં. કદાપિ કોઈ હશે તો તેઓ ગુરૂની ભક્તિને જાણતા નહીં આવા સર્વ તે નગરના લોકોના પુણ્યને યોગે એ લક્ષ્મીવંત અને સુંદર શેહેરમાં ગુણવાન્ અને ગંભિરતાના સમુદ્ર શ્રી વૃદ્ધિચંદજી મહામુનિ પધાર્યા. તે સંપત્તિથી સુંદર એવા શેહેરમાં તે મહાત્માની કૃપાથી હાલમાં બાળકથી તે વૃદ્ધ સુધી સર્વ જૈનીઓ ધર્મવંત, સુકર્મમાં તત્પર, ધર્મોત્સવમાં આસક્ત અને સદ્બોધવાળા જોવામાં આવે છે તેથી એ મહાત્મા શ્રી વૃદ્ધિચંદજી મહારાજના જેવો બીજો કયો પુરૂષ ઉપકારી છે? અર્થાત્ કોઇ નથી. તેજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સભાના પ્રારંભમાં કરવા યોગ્ય કાર્ય "સભામાં પધારેલા ગ્રહસ્થોના મન ઉપર ધારેલા કાર્યને માટે પુરતી અસર કરવાને લગતું" સંપૂર્ણ થયા બાદ વોરા. અમરચંદ જસરાજે દરખાસ્ત કરી અને તેને શા. આણંદજી પરશોતમ તથા વોરા તારાચંદ હાકરશીએ ટેકો આપ્યો કે આપણે ધારેલા કાર્યને માટે એક સારા પાયા ઉપર ફંડ કરવું. આ દરખાસ્ત ઉપર સર્વ ગ્રહસ્થોએ પસંદગી જણાવવાથી તેજ વખતે એક ફંડ શરૂ કરવામાં આવ્યું. જેની અંદર સર્વ ગ્રહસ્થોએ પુછ્યા શિવાય તેમજ આગ્રહ કર્યા શિવાય પોતપોતાની મરજીથી રૂપૈયા લખાવ્યા. તેજ વખત સુમારે એક કલાકની અંદર રૂ. ૩૪૨૦) ભરાયા (તેનું તથા ત્યાર પછી પોતપોતાની મરજી પ્રમાણે લખાવી ગએલા ૨૧૧૪ાાા નું એકંદર ચડતી ઉતરતી સંખ્યા પ્રમાણેનું લીસ્ટ આ સાથે સામેલ રાખ્યું છે.)

ફંડ ભરવાનું કામ આગળ ચાલ્યા બાદ શા. કુંવરજી આણંદજીએ દરખાસ્ત કરી અને વોરા અમરચંદ જસરાજે ટેકો આપ્યો જેથી પસાર કરવામાં આવ્યું કે બે દિવસ સુધી એક માણસ અહીં બેસાડવું તેની પાસે આવીને જેને જે જે રકમ લખાવવી હોય તે લખાવી જાય અને અહીંયાંજ એક પેટી મુકવી કે જેની અંદર કોઇને ગુપ્તપણે નાંખવું હોય તે નાંખી જાય.

ત્યાર બાદ વોરા. તારાચંદ હાકરશીએ દરખાસ્ત કરી અને તેને દોશી બેચરદાસ ભગવાને ટેકો આપ્યો કે આ જૈન વિદ્યાશાળા સંબંધી કાયમની ઉપજ થવાને માટે સહુની પસંદગી પ્રમાણે કાંઇક ગોઠવણ કરવી. આ બાબત સારી રીતે ચરચાયા બાદ એમ ઠરાવ કરવામાં આવ્યો કે હરેક **શ્રાવક ભાઇઓએ પોતાને ત્યાં આવતા શુભ તેમજ અશુભ પ્રસંગે આ જૈનશાળામાં જરૂર એક રૂપીયાથી માંડીને પોતાની શક્તિ પ્રમાણે રકમ મોકલાવવી.** આ બાબત વધારે પાકા પાયા ઉપર ઠરાવ કરવાનું મુલતવી રાખવામાં આવ્યું.

છેવટે સભાના મંત્રીએ દરખાસ્ત કરી અને સંઘવી હઠીચંદ કકલે ટેકો આપ્યો જે ઉપરથી સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું કે આ "**મુનિરાજ શ્રી વૃદ્ધિચંદજી જૈન વિદ્યાશાળાના ફંડ**" માં-ભરેલી રકમ ત્રણ દિવસની અંદર સર્વ ભાઇઓએ શેઠ ડોસાભાઈ અભેચંદને ત્યાં ભરી જવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાર બાદ પ્રમુખ સાહેબનો ઉપગાર માનીને સમસ્ત શ્રાવક વર્ગના ઉત્સાહ વચ્ચે સભા બરખાસ્ત થઇ.

કુંવરજી આણંદજી.
મંત્રી

## સર્વે જૈનબંધુઓ પ્રત્યે.

### ખાસ સૂચના.

ઉપર જણાવેલું ફંડ હજુ શરૂ છે તેની અંદર જ્ઞાનદાનનો અપૂર્વ લાભ સમજીને તેમજ મુનિમહારાજ શ્રી વૃદ્ધિચંદજીના ઉપકારને સ્મરણમાં લાવીને દેશી પરદેશી જે ગ્રહસ્થ પોતાની તરફથી રકમ ભરાવશે તે શ્રી ભાવનગરના શ્રાવક સમુદાય તરફથી ઉપકારની સાથે સ્વીકારવામાં આવશે અને તેની પહોચ શ્રી જૈનધર્મ પ્રકાશ ચોપાનીઆ દ્વારા પ્રગટ કરવામાં આવશે. મંત્રી.

## મુનિ. વૃદ્ધિચંદજી જૈન વિદ્યાશાળાની સ્થાપના.

આજે અક્ષય તૃતીયાનો ઉત્તમ દિવસ છે. શ્રી ઋષભદેવ ભગવંતે ઇક્ષુરસવડે આજેજ વરસી તપનું પારણું કરેલું છે અને તેથી એકાંતર ઉપવાસની રીતિએ વરસી તપ કરવાની પ્રવૃત્તિ ચાલેલી છે. આજનો દિવસ ભાવનગર શેહેરમાં શ્રાવક વર્ગને મોટા આનંદનો છે. આજે ગુરૂ મહારાજશ્રી વૃદ્ધિચંદજીના ઉપકાર સ્મરણને માટે એક જૈન વિદ્યાશાળાનું સ્થાપન થવાનું છે.

પ્રાતઃકાળ થયો એટલામાં તો મોટા જિન મંદિરની સમિપે વરઘોડાની તૈયારી થયેલી દૃષ્ટિએ પડવા લાગી. ત્રાંસા સરણાઇ અને પડઘમ વિગેરે વાજીંત્રોના ઘોષ થવા લાગ્યા, ઇંદ્રધ્વજની ઘુઘરીઓ પણ રણકારા કરવા લાગી. જૈનવર્ગની સ્ત્રીઓ સુશોભીત વસ્ત્રાભરણ ધારણ કરીને જિન મંદીર સમિપે એકઠી થઇ ગઇ. પુરૂષવર્ગ પણ ઊજ્વળ વસ્ત્રવડે મનની ઉજ્વળતા અને ગુરૂ ભક્તિયુક્ત હૃદયની નિર્મળતા બતાવતો ઉભરાવા લાગ્યો. બાળકોના હર્ષનો તો કાંઈ પારજ નહોતો. તેઓ તો શોભિતા વસ્ત્રો પહેરી નિર્દોષ આનંદનો ઉપભોગ લેતા ચારે બાજુથી શિઘ્રપણે આવવા લાગ્યા. નગારા નિશાને વરઘોડાનો અગ્ર ભાગ શોધી લીધો. તેની પાછળ મદ ભરેલા હસ્તીઓ ઝુલવા લાગ્યા. વરઘોડાની તૈયારી થઇ એટલે એક રાજહસ્તિ ઉ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર નાખેલા સુશોભીત હોદાની અંદર પ્રથમથી શ્રીસંઘે રૂ૬૦ા થી આદેશ આપ્યા પ્રમાણે વોરા જુઠા સાકરચંદના ત્રણ ભાઇઓ પુસ્તક લઇને બેઠા. તેની પાછળ તાવદાનની અંદર પણ તેનોજ એક ભાઈ પુસ્તક લઇને બેઠો અને પાછળ સ્ત્રીઓના સમુદાયમાં પણ તેનાજ ઘરની સ્ત્રીઓએ પુસ્તક વડે હસ્તને શોભાવીને આગેવાની કરી.

તાવદાનની પાછળ એક સુશોભીત ઘોડાગાડીમાં વોરા. અમરચંદ જસરાજનો ચીરંજીવી જગજીવન પ્રથમથી શ્રી સંઘે રૂ૪૧ા એ આદેશ આપ્યા પ્રમાણે ઉપકારી ગુરૂ મહારાજશ્રીની છબી લઈને બેઠો.

વરઘોડાની આધમાં ઈંદ્રધ્વજની પાછળ ઉછરતી વયના બાળકોનો સમુદાય દેવગુરૂનું ગુણગાન કરતો ચાલ્યો. શ્રી જૈનધર્મ પ્રસારક સભાના શાસ્ત્રી નર્મદાશંકરને શ્રી સંઘ તરફથી પાઘડી બંધાવવામાં આવી અને તેઓએ વિદ્યાર્થીઓની સંભાળનું તથા સારા સારા સ્તો બોલાવવાનું કામ શરૂ કર્યું.

વરઘોડો જિનમંદીરથી આગળ ચાલ્યો. આવો સુશોભિત વરઘોડો જોવા માટે શેહેર માંહેનો ઘણો ભાગ માણસો વડે ઉભરાઇ જતો લાગ્યો શેહેરના મુખ્ય મુખ્ય ભાગમાં ફરીને વરઘોડો મહારાજશ્રીનાંજ વડે આવી પહોચ્યો. આવંડાની જગ્યા જોકે બહુજ વિશાળ છે પરંતુ આ વખતે સાંકડી થઇપડી. વરઘોડાગાં આવેલા સ્ત્રી પુરૂષોને અને બાળકોને અંદર સમાવું મુસ્કેલ થઈ પડ્યું.

હવે વિદ્યાશાળાની સ્થાપનાને લગતું કામ શરૂ થયું. પ્રથમ મહારાજશ્રીની આજ્ઞા મેળવીને તેઓ સાહેબના મુખ્ય શિષ્ય મુનિ ગંભીરવિજયજીએ વિદ્યાશાળા ખુલી કરી અને અંદર પ્રવેશ કર્યો એટલે ચતુર્વિધ સંઘ પણ અંદર દાખલ થયો સન્મુખ બાંધેલા સુશોભિત ચંદરવા પુંઠીઆ પાસે માંડેલી પાટ ઉપરના ગધ્ય બાજોઠ ઉપર વરઘોડામાં સાથે લાવેલી મહારાજશ્રીની છબી અને પુસ્તક પધરાવવામાં આવ્યું. તેની બને બાજુએ મુનિરાજ શ્રી ગંભીરવિજયજી તથા મુનિરાજ શ્રી મોહનલાલજી બીરાજ્યા.

ત્યારપછી પ્રથમ રૂ૬૧ા વડે આદેશ આપ્યા પ્રમાણે વોરા જસરાજ સુરચંદ તથા વોરા ઝવેર સુરચંદના ઘરના સ્ત્રી વર્ગે જ્ઞાનપૂજા તથા ગુરૂ મહારાજ સમિપે પ્રથમ ગહુળી કરી.

શા. આણંદજી પરશોતમને રૂ૩૧ા એ આદેશ આપ્યા પ્રમાણે તેમના તરફથી મહારાજશ્રીના નામાંકિત જૈન વિદ્યાશાળાનું પાટીયું અગ્ર ભાગે બાંધવામાં આવ્યું અને સુશોભીત શ્રીફળના તોરણો બંધાયા.

ત્યારબાદ મુનિરાજ શ્રી ગંભીરવિજયજીએ જ્ઞાન દાનના મહીમા વિષે અસરકારક ઉપદેશ કર્યો. આ કાર્યની સમાપ્તિ થઇ એટલે બાળવિદ્યાર્થીઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇનામ આપવાનું કાર્ય કરવા માટે પ્રથમથી કરેલી ગોઠવણ પ્રમાણે સભાનું કામ શરૂ થયું. આ સભામાં પધારવા માટે કેળવણી ખાતાના અધિકારી વર્ગને તેમજ વિદ્યાવિલાસી અન્ય ગ્રહસ્થોને લેખી આમંત્રણો થયેલા હતા. તે ઉપરથી હાઇસ્કૂલના હેડમાસ્તર અને શામળદાસ કોલેજના પ્રીન્સીપાલ આજમ હેડમાસ્તરસાહેબ જમશેદજી નવરોજજી ઉનવાળા, બીજા બે પારશી ગ્રહસ્થો, શાસ્ત્રી કરૂણાશંકર પ્રભુજી, વકીલ દામોદરદાસ હીરાચંદ તથા બીજા કેટલાએક ગ્રહસ્થો પધાર્યા હતા. જૈનવર્ગના મુખ્ય ગ્રહસ્થો તો સઘળાએ હતા.

પ્રમુખ સ્થાન વોરા. અમરચંદ જસરાજે લીધું હતું. બાજુ ઉપર હેડમાસ્તર વિગેરે બિરાજ્યા હતા. પ્રારંભમાં વિદ્યાશાળા વ્યવસ્થાપક કમીટીના મંત્રી કુંવરજી આણંદજીએ સભા ભરવાના હેતુ સાથે પધારેલા ગ્રહસ્થોથી થયેલો સંતોષ જાહેર કર્યો. તે સાથે મહારાજશ્રીના ઉપકારનું ટુંકું વર્ણન અને વિદ્યાશાળા સ્થાપવાની જરૂરીયાત જણાવીને શ્રાવક સમુદાયના તેમજ પધારેલા સર્વે ગ્રહસ્થોના હર્ષ વચ્ચે વિદ્યાશાળાનું સ્થાપન થયેલું પ્રદર્શીત કર્યું.

પ્રમુખે જૈનશાળા વિષેની એક કવિતા વાંચી સંભળાવી ત્યારબાદ હેડમાસ્તર સાહેબે પોતાને આપેલા માન સંબંધી સભાનો ઉપકાર માન્યો પોતાની એક બે વખતની મુલાકાતથી મહારાજજીના ગુણ વિષે ઉત્પન્ન થયેલો ઉચો વિચાર જણાવ્યો અને વિદ્યાશાળાના સ્થાપનથી ઘણો સંતોષ બતાવ્યો તે સાથે છેવટે જણાવ્યું કે આ બાબતમાં જ્યારે જ્યારે મારી સલાહ લેવામાં આવશે ત્યારે ત્યારે સારી સલાહ આપવા સાથે બનતી મદદ કરીશ.' વકીલ દામોદરદાસે પણ જૈન વર્ગના આકાર્ય તરફ પૂર્ણ સંતોષ જાહેર કર્યો.

આ બાબત સભા તરફથી મંત્રીએ તેમનો ઉપકાર માન્યો. બાદ શાસ્ત્રી કરૂણાશંકરે મહારાજશ્રીના ગુણ વર્ણનના પ્રસંગને અનુસરતા નવા શ્લોકો બનાવેલા તે અર્થ યુક્ત વાંચી સંભળાવ્યા.

**वंदे विनोदमधुराकृतिमेषणीय, प्रज्ञाप्रभावकलिताखिलमोक्षहेतुम् ।**
**दातुं प्रभुं च पुरुषार्थचतुष्टयं तं, श्री वृद्धिचंद्र मुनिराजमिहरादेनम् ॥१॥**

અર્થ—વિનોદથી મધુર આકૃતિવાળા ઇચ્છા કરવા યોગ્ય બુદ્ધિના પ્રભાવથી મોક્ષના સર્વ હેતુઓ જેમણે જાણેલા છે, જે ચાર પુરૂષાર્થ આપવાને સમર્થ છે એવા આ લોકના દેવથી વૃદ્ધિચંદ્ર મુનિરાજને હું વંદન કરૂંછું. ૧

**धन्यौ हि मातापितरौ तदीयौ, ययोस्तनूजो मुनि वंदनीयः ।**
**धन्यस्ततोप्येष च शिष्यवर्गो, यदीय सेवा विगतप्रमोहः ॥२॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—તે મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજીના માતા પિતાને ધન્ય છે કે જેઓનો પુત્ર મુનિઓને વંદના કરવા યોગ્ય છે. તેઓથી પણ તેમના શિષ્ય વર્ગને ધન્ય છે કે જેમની સેવાથી તેમનો મોક્ષ ગયો છે. ૧.

ત્યાર પછી શાસ્ત્રી નર્મદાશંકરે નવા બનાવેલા આશિર્વાદાત્મક શ્લોકો અર્થ સાથે વાંચી સંભળાવ્યા. તે નીચે પ્રમાણે.

श्रीमद्वीरमुनीश्वरस्य समयात्वंद्रेंदुवेदाक्षिके ।
वर्षे माधवमासि चोज्वलतरे पक्षे तिथौ चाक्षये ॥
सौम्ये श्रीमति भव्य भावनगरे श्रीसंघउत्साहत ।
श्चक्रे श्री गुरुवृद्धिचंद्रकमुनेर्नाम्ना सुविद्यालयं ॥१॥
यावच्चंद्रदिवाकरौ हि गगने प्रोद्यत् प्रभाभासुरौ ।
यावच्चार्हत्शासनं विजयते सद्धर्मतत्वान्वितं ॥
यावच्छ्री कनकाचलोऽचलतयार्हत्स्नात्रपूतःस्थित ।
स्तावच्छ्री गुरु वृद्धिनामसहितास्तात् जैनशाला चिरं ॥२॥

અર્થ—શ્રીમત્ મુનીશ્વર મહાવીરસ્વામીના સમયથી સંવત્ ૨૪૧૯ના વર્ષમાં વૈશાખ માસના શુકલ પક્ષની અક્ષય તૃતીયાને બુધવારે શ્રીમત્ ભવ્ય ભાવનગર શેહેરમાં શોભાયમાન એવા સંઘે ઉત્સાહથી પોતાના ગુરૂ શ્રી વૃદ્ધિચંદ્રજીના નામથી એક સુંદર વિદ્યાશાળાનું સ્થાપન કર્યું. ૧.

જ્યાં સુધી ગગનમાં પ્રકાશમાન કાંતિથી ચળકતા ચંદ્ર સૂર્ય રહે, જ્યાં સુધી પૃથ્વીમાં ધર્મના તત્વ સહિત જૈન શાસન વિજય પામે અને જ્યાં સુધી અરિહંતના સ્નાત્ર જળથી પવિત્ર થયેલો શ્રી મેરૂ પર્વત અચળ રહે ત્યાં સુધી આ વૃદ્ધિચંદ્રજી ગુરૂ મહારાજના નામ યુક્ત જૈનવિદ્યાશાળા અચળ રહો. ૨

આ બંને શાસ્ત્રીઓના બોલવાથી સભા જનોના દીલ બહુજ રંજન થયા. ત્યાર પછી વોરા. હરખચંદ સવચંદ તરફ બે પ્રતિક્રમણ સૂત્રની ૧૦૧ બુક રૂ૫—૪—૦ના નકરા સાથે પ્રથમ બક્ષીશ તરીકે શ્રી જૈનવિદ્યાશાળામાં અર્પણ કરવામાં આવી તે સાથે વાગડીઆ ગુલાબચંદ આણંદજી તરફથી પાંચ પ્રતિક્રમણ સુત્રની ૨૫ બુક બીજી બક્ષીસ તરીકે રજુ થઈ એ બંનેનો સ્વીકાર થયા બાદ ઈનામ આપવાનું કામ શરૂ થયું. ઇનામ આપવાનો પ્રથમ લાભ લેવા માટે ઇનામની બુકો ઉપરાંત રૂ. ૧૫। વકીલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરસુદાસ મોતીચંદ તરફથી વિદ્યાશાળાના ઇનામી ફંડ ખાતે આપવામાં આવ્યા હતા. ઇનામને માટે જુદી જુદી જાતની રૂ. ૨૫] ની કિંમતની બુકો તેઓ લાવેલા હતા. આ ઇનામ હેડ માસ્તર સાહેબના હાથથી દેવાને માટે સભા તરફથી મંત્રીએ વિનંતી કરી. એ બાબત બહુ આગ્રહ થવાથી છેવટે તેઓ સાહેબે સ્વીકારી એટલે દરેક છોકરાઓને બોલાવીને અભ્યાસના પ્રમાણમાં ઇનામની બુકો આપવામાં આવી.

ઇનામ દેવાનું કામ ખલાસ થયા બાદ પધારેલા ગ્રહસ્થોનો ઉપકાર માનીને સભા બરખાસ્ત થઈ.

આ શુભ કાર્યમાં ઉત્સાહ યુક્ત હૃદયથી ભાગ લેવા આવેલા દરેક સ્ત્રી પુરૂષ અને બાળકોને પતાસાની પ્રભાવના આપવામાં આવી. ત્યાર બાદ શ્રી વિદ્યાશાળાના સ્થાપનની ક્રિયા ખલાસ થઇ.

શ્રીમન્ ગુરૂમહારાજશ્રીના કર્ણગોચર આ સર્વ વૃતાંત કરવામાં આવ્યું જેથી તેઓ સાહેબનું મન પ્રસન્ન થયું અને શ્રાવક સમુદાયના હૃદય પણ જાણે મહારાજશ્રીના ઉપગારના અનૃણી થયા હોય તેમ પ્રસન્ન થયા.

---

# મુનિમહારાજ શ્રી વૃદ્ધિચંદજીનો

## સ્વર્ગવાસ.

વૈશાક સુદ ૭ શનીવારનો દિવસ જૈન સમુહને નિરંતર સાંભર્યા કરશે. આજે એક ધર્મવીર—મહાત્મા પુરૂષની ઉપર વિકાળ કાળે ઝડપ મારી! આજે ધર્મનો એક સ્થંભ ત્રુટી પડયો! આજે સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘનો આધાર ગયો! આજે એક શુદ્ધ ધર્મોપદેશકની ખોટ પડી! આજે હજારો મનુષ્ય ઉપર ઉપકાર કરનાર એક મહાન્ પુરૂષે આ દુનિયાનો ત્યાગ કર્યો! દિવસતો સુખ રૂપજ પ્રવર્ત્યો, સૂર્ય જાણે પોતાથી આ દેખાવ સહન નહિ થાય એમ ધારી ક્યારનોએ અસ્ત થઈ ગયો હતો, ઉજવળ પક્ષ છતાં ચંદ્રવાદળમાં છુપાઈ રહ્યો હતો અને રાત્રી—ભયંકર રાત્રી કાળ રાત્રી રૂપ થઈ પડી! એ અંધકારમાં વિકાળકાળે ફાળ મારી જૈનવર્ગમાંથી એક રત્ન ઝડપી લીધું! સપ્તમીની રાત્રે હજારો મનુષ્યના મુખમાંથી આવા અપશોશકારક વાકય નીકળ્યા!

સુમારે પચાશ વર્ષ અગાઉ આ ગુર્જરભૂમિથી દૂર આવેલ પંજાબની ભૂમિ તરફથી ત્રણ રત્ન પુરૂષો આ દેશ તરફ આવ્યા. તેઓએ જુદે જુદે વખતે, જુદા જુદા કાર્યોથી, જુદી જુદી રીતે જૈન માર્ગનો ધર્મધ્વજ ફરકાવ્યો અને સારો યશ મેળવ્યો. જે ગુરૂમહારાજના સ્વર્ગવાસ વિષે અત્રે લખીએ છીએ તેઓ એ રત્ન ત્રિપુટી માંહેના એક હતા.

મહારાજ શ્રી વૃદ્ધિચંદજીનો જન્મ ૧૮૯૦ ની શાલમાં પંજાબ દેશના રામનગર શહેરમાં થયો હતો. જ્ઞાતે ઓશવાલ હતા. પિતાનું નામ ધર્મયશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને માતાનું નામ કૃષ્ણદેવી હતું. મ્હોટા ચાર ભાઇઓ હતા અને તે પછી એ ભાગ્યશાળી કુટુંબમાં આ મહાત્મા પુરૂષે જન્મ લીધો હતો. બાળક વયથીજ તેઓ શાંત હતા. નામ કૃપારામ પાડયું હતું અને તે નામને અનુસરીને જીંદગી પર્યંત તેઓ પ્રાણિમાત્ર ઊપર કૃપાળુજ નીવડયા છે. તે સમયે માતાપિતા સમૃદ્ધિવાન્ હતા. વ્યવહારમાં જોઇએ તેટલો અભ્યાસ કરી પિતા અને ભાઇઓની સાથે દુકાનના કામ કાજમાં ભળ્યા હતા અને એમાં પણ આવડત સારી હતી. સમય આવ્યે પૂર્વજન્મના સંસ્કાર ન હોય ત્યાંથી દેખાઇ આવે છે તેમ દુકાનમાં બેશ બે વર્ષ થયા ત્યાં ગુરૂમહારાજના સહવાસના સંયોગથી વૈરાગ્ય પ્રગટ થયો. આ વૈરાગ્ય કોઇ પણ રીતે દુઃખ ગર્ભિત ન હતો પરંતુ શુદ્ધ વૈરાગ્ય હતો. સંસારનો મોહજ નહતો. વૈરાગ્ય પ્રકટ થયે માતાપિતા પાસે દીક્ષા ગ્રહણ કરવાની રજા માંગી. તેઓએ ઘણોજ આગ્રહ કર્યો અને દાક્ષિણ્યના ગુણ પણ અંશે હોવાથી તેમના આગ્રહ પ્રમાણે બે વર્ષ ઘરમાં કાઢયા. આ સઘળો સમય અંતઃકરણ ધર્મમયજ હતું. પ્રાંતે માતા પિતા પાસેથી રજા મેળવી. તેઓએ ગુરૂમહારાજ પાસે મુકવા સાથે માણસ મોકલ્યા અને કાગળ પણ લખી આપ્યો. જે ગુરૂમહારાજા પાસે દીક્ષા લેવાની હતી તેઓ મુખ્ય શિષ્ય મુલચંદજી સાથે દિલ્લીમાં હતા. દીક્ષા આવી અઢાર વર્ષની ઉંમરે એટલે સંવત ૧૯૦૮ ના અશાડ માસમાં શુદ્ધભાવે દીક્ષા અંગીકાર કરી. જાણે ધર્મની વૃદ્ધિ કરવાના હોય તેમ તે સમયે નામ **વૃદ્ધિચંદ** પાડયું.

એ સમયે પંજાબદેશમાં ઊન્માર્ગી ઢુંઢીઆઓનુંજ પ્રબળ હતું. થોડા વખતથીજ મુનિ બુટેરાયજીએ શુદ્ધ પ્રરૂપણા કરવા માંડી હતી અને દુઃખ સહન કરી શુદ્ધ માર્ગનો ઝુંડો ઉડાવી સ્થળે સ્થળે ઊન્માર્ગીઓને પરાજ્ત કર્યા હતા વૃદ્ધિચંદજીના દીક્ષા સમયે તેઓના ગતનું પ્રબળ સારી રીતે થયું હતું. હવે તેઓ શુદ્ધ માર્ગની પ્રવૃત્તિ અને શુદ્ધ સાધુનો સમુદાય ક્યાં હશે એ તપાસમાં હતા. તપાસને અંતે ગુર્જરભૂમિનું નામ જાણ્યું હતું એ ઊપરથી ચતુર્માસ સમાપ્ત થયે એ ત્રીપુટી ગુર્જરભૂમિ તરફ આવવા નીકળી. ૧૯૧૦–૧૧ ની સાલમાં જે ત્રણ રત્ન પુરૂષો આ દેશમાં આવ્યા તે મુનિશ્રી બુટેરાયજી, મુલચંદજી અને વૃદ્ધિચંદજી હતા. આ દેશમાં આવી પ્રથમ તેઓ સર્વે થોડે ઘણે અંતરે તીર્થરાજ સિદ્ધાચલજીને ભેટયા હતા અને મહારાજ વૃદ્ધિચંદજીએ ગુરૂ મહારાજની સાથે આ દેશમાં ૧૯૧૧ ની શાલનું પ્રથમ ચોમાસું શહેર ભાવનગર કર્યું હતું. આ વખતે આ દેશમાં ધર્મનો ઊદય હતો નહિ. તીર્થભૂમિ ઊપર પ્રીતિ હોવાથી તેઓએ આસપાસના આ શહેરોને ધર્મમય કરવા ધાર્યા.

ચતુર્માસ પૂર્ણ થયે અમદાવાદ જઇ ગણી મણિવિજયજી પાસે તપગચ્છમાં પુનઃદીક્ષા ગ્રહણ કરી અને ગુરૂ તે ગુરૂ રૂપે અને મુનિ મુલચંદજી તથા વૃદ્ધિચંદજી શિષ્ય રૂપે રહ્યા. આ પછી એ ત્રણ મહાત્મા પુરૂષે જુદે જુદે ઠેકાણે જુદા જુદા વિહાર કરી આ દેશમાં ઘણો ઊપકાર કર્યો. મહા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજશ્રી વૃદ્ધિચંદજીએ ભાવનગર, અમદાવાદ, વળા, પાલીતાણા, ગોધા, રાધણપુર, લીંબડી વગેરે શહેરમાં ચતુર્માસ કર્યા છે અને તે સર્વ સ્થળે સારો સુધારો કર્યો છે. એટલે એ શહેરના ઘણા માણસોને શુદ્ધ માર્ગનો બોધ કરી ધર્મમય બનાવ્યા છે. જ્યાં જ્યાં એઓ સાહેબ વિચર્યા છે ત્યાંના લોકો તેમની ધીરજ, ગંભીરતા, શાંત ગુણ અને ધર્મોપદેશ કરવાની છટાથી નવપલ્લવિત થયાવિના રહ્યા નથી,

ઊંચા બાંધાનું શરીર, શોભીતી દેખાવ તેજીપૃષ્ટતા, ગજકુમાર સદૃશ સુંદર આકૃતિ, વિશાળ કપાળ, બાલ શાંત ચક્ષુથી તેમની પાસે આવનાર માણસના મન એક રાજપુરૂષ પાસે શાંત થઇ જાય તેમ શાંત થઇ જતા અને તે સાથે મુખમાંથી નિરંતર શાંત રસ અને અમૃતમય વચનો વદતા તેથી માણસો સરલ સ્વભાવે એમના બોધને આધીન થતા. કોઇ દિવસ તેમણે કોઇને ઉંચે સ્વરે એક વચન પણ કહ્યું હોય અથવા એમના અંગમાં કોઇ દિવસ પણ ક્રોધ વ્યાપ્યો હોય એવું કોઇ પણ માણસને જાણ્યું નથી. પ્રકૃતિ પ્રથમથીજ નરમ રહેતી. જાણે આ ભવમાંજ સર્વ કર્મનો નાશ થઇ જવાનો હોય તેમ રોગનો એકાદો હુમલો તો શરીરપર આવ્યાજ કરતો. મૂળથી સંગ્રહણીનું દર્દ હતું છતાં પણ જુદા જુદા દેશમાં વિચરી પરોપકાર કરવામાં પાછા પડયા નથી. એમણે તો પોતાની જીંદગી જાણે પરોપકારને માટેજ ધારણ કરી હોય તેમ જેજે સ્થળે ઉપકાર થાય તે તે સ્થળે વિચરી ઘણા મનુષ્યોને ધર્મબોધ આપ્યો છે. કેટલાક માણસોને શુદ્ધ વૈરાગ્ય ઉત્પન્ન કરાવી સંસાર ત્યાગ કરાવ્યો છે અને મોક્ષ પ્રાપ્ત કરવામાં સરલતા કરી આપી છે. એમના હાથથી સુમારે ૪૦) સાધુ સાધ્વીને દીક્ષા અપાયેલી છે. છેલ્લે શરીર અટકવાથી શહેર ભાવનગરમાં રહેવું પડ્યું. ભાવનગરના ભાગ્યોદય હોવાથી ૧૯૩૮ ની સાલમાં મહારાજજી ભાવનગરમાં પધાર્યા. સંગ્રહણીના દર્દ ઉપરાંત ઢીંચણ વાયે રહી જવાનું દર્દ થયું. આ કારણથી વિહાર શક્તિ બંધ થઇ. એક ગાઉ પણ ચાલવાની શકિત હતી નહિ. તોપણ ભવ્યપુરૂષ હોવાથી બહારથી જોનારને એ સુંદર શરીર નીરોગીજ લાગતુ

ભાવનગરમાં છેલ્લા અગીયાર વર્ષ તેઓ રહ્યા. તીર્થરાજની યાત્રા કરવાની ઘણી અભિલાષા હતી પણ ચાલવાની શક્તિ નહિ અને ડોળીમાં બેસવાની મરજી નહિ તેથી એ અભિલાષા ભાવરૂપજ રહી. આ અરસામાં તેઓ સાહેબે ભાવનગરના સંઘ ઉપરતો અનહદ ઉપકાર કર્યો છે. સાત વર્ષના બાળકથી તે વૃદ્ધ સુધી સર્વ શ્રાવક સમુદાય ધર્મ ઉપર આસ્થા રાખે અને ધર્મની રીતિ રીવાજ અને પદ્ધતિ પ્રમાણે ચાલે એ સર્વ એ ગુરૂમહારાજનો પ્રતાપ. એક વખત ઉપધાનની ક્રીયા થઈ, એક વખત મ્હોટો અને ભવ્ય સમવસરણનો મહોત્સવ થયો. બે ગ્રહસ્થ તરફથી બે મોટા ઉજમણા થયા, બે પ્રતિષ્ઠાઓ થઇ અને એ ઉપરાંત ઘણા અઠ્ઠાઇમહોત્સવો, અષ્ટોત્તરીસ્નાત્ર, શાંતિસ્નાત્ર વગેરે ઉત્સવ એ ગુરૂ મહારાજના ઉપદેશથી થયા. એક બાળક આવેતો તેને પણ મિષ્ટ વચનથી બોલાવતો એવી તો

For Private And Personal Use Only

એમની ઉત્તમ મનોવૃત્તિ હતી. હરેક કોઈ માણસ ખુશીથી ધર્મની સન્મુખ થાય એમ કરવાની એમની ખાસ ઇચ્છા દેખાતી. કોઇ વખત સંઘ સમુદાયમાં કાંઈ તકરાર થાયતો તે એમની અમૃત દ્રષ્ટી પડયે તરત સમાધાન થઈ જતો. એવે વખતે પણ એમને કોઈને કહેવાની જરૂર પડતી નહીં. જાણે દ્રષ્ટિમાંથી અમૃત ઝરતું હોય તેમ એ કૃપાળુ દ્રષ્ટિ ફરી કે સઘળુ સમાધાન થઈ જતું. એમના ગુણનું જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે. ખામીઓ શું પણ જે અન્યમતિઓ તેમની પાસે એક વખત પણ આવી ગયા છે તે તેમની મુક્ત હાસ્યથી પ્રશંસા કર્યા વગર રહ્યા નથી.

ભાવનગરમાં રહી ભાવનગરના સંઘ ઉપરજ ઉપકાર કર્યો એમ નહિ પરંતુ પોતાના શિષ્યોને સારી રીતે બોધ આપી, ઊંચા પ્રકારની શિક્ષા આપી આસપાસના સર્વ ગામોમાં મોકલી ગોહીલવાડની સર્વ ભૂમિ, તથા ગુજરાત અને કાઠીઆવાડના કેટલાક ભાગને તેમની દ્વારા પોતાના જ્ઞાનનો સારો લાભ આપ્યો છે.

એમનું જ્ઞાન ઉત્તમ હતું. અનુભવજ્ઞાનમાં તો તેઓ એક્કા હતા. અને તાત્વિકજ્ઞાનનું તો તેમના હૃદયમાં રમણ થઇ રહ્યું હતું.

અમારી સભા ઉપરનો એમનો અત્યંત ઉપકાર છે. સભા એમના આધારથી અને એમના બોધથીજ વૃદ્ધિ પામેલી છે. ચોપાનીયાના વ્યવસ્થાપકોને સર્વ બોધ તેમના તરફથીજ મળતો. સર્વ બાબતમાં એ પુછવા ઠેકાણું હતું અને ચોપાનીયાને આધાર રૂપ હતા. એમની વખતો વખત આપેલી ઉત્તમ શિખામણો જ્યારે સાંભરી આવેછે ત્યારે એ ગીતાર્થ ગુરૂના વિયોગથી હૃદય ભરાઈ આવે છે.

ગયા વૈશાક માસથી ચાલુરોગ ઉપરાંત એમને છાતીના દુખાવાનો અસાધ્ય વ્યાધિ પેદા થયો. દવાનો શરૂજ હતી પરંતુ કાંઇ પણ ફાયદો ન થતાં દરરોજ આગળ પગલું ભર્યું અને ભાદ્રપદ શુદ એકમે શ્વાસ ઉપડ્યો. એ શ્વાસનું દરદ છેવટ સુધી રહ્યું. બે અઢી માસથી તો શ્વાસ ઉપરાંત સોજા એટલા બધા થઇ ગયા હતા કે છાતી નીચેથી પગના અંગુઠા સુધીનો તમામ ભાગ સુજીને દોઢા ઉપરાંત થઈ ગયો હતો. આ સોજાનો વ્યાધિનો ખરેખર અસહ્ય અને ન જોઈ શકાય તેવો હતો. બે માસથી ઉઠાતું નહિ, સુવાતું નહિ અને હરાતું ફરાતું નહિ; ફક્ત એક આસને એકજ રીતે બેસી શકાતું. આવા વખતમાં પણ એમના મુખ ઉપર કોઈદિવસ ગ્લાનિ જોવામાં આવી નથી. કોઈ માણસ પાસે આવી બેસેતો તેની સાથે પ્રસન્ન ચિત્તથી વાત કરતા અને પોતાને બોલવાની વિશેષ શક્તિ નહોતી તોપણ મિષ્ટ વચનથી ધર્મોપદેશ આપતા. અરે કે હાય એવા શબ્દો તો કોઈ વખત મુખમાંથી નકળ્યાજ નથી. અસહ્ય વેદના વખતે પણ રાતદિવસ પાસે બેસનારને ફરમાવી મુક્યું હતું તે મુજબ અરિહંત શબ્દ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નું ઉચ્ચારણ થતું અને પોતેતો નિરંતર દુઃખની વખતે અરિહંત સિદ્ધ સાહુ વીતરાગ એ શબ્દો બોલતા. એવે વખતે એમની ખરેખરી મહત્વતા જણાઈ આવતી. મહારાજશ્રીનું શરીર વિશેષ નરમ હોવાથી સાધુ સાધવીના ૫૦ ઠાણા એકઠા થયેલા હતા. મંદવાડના સમયમાં ભાવનગરના સંઘે સંપૂર્ણ રીતે ભક્તિ કરી છે. સારા અને વિદ્વાન ડાકતરો અને દેશી વૈદોની દવા કરવામાં ઘણા શરૂ નાગી ગયાગ્ન તેઓનો એ ભાગના નિશ્ચયી હતા પરંતુ સંઘોની જે ફરજ તે ભાવનગરમાં જરા પણ બાકી આવી નથી. સેવા ચાકરી પણ એવીજ થઈ છે. મુનીરાજના ઠાણા ૨૧ આ પ્રસંગે શેવામાં હતા તેમાં મુનિ. દુલભવિજયજી વિગેરેની શેવા ભક્તિ અવર્ણનીય હતી. શ્રાવક વર્ગમાંથી પણ ઘણા માણસ સેવા ચાકરીમાં તત્પર રહેતાં તેમાં પણ વિશેષે કરીને વોરા અમરચંદ જસરાજ અને આ સભાના પ્રમુખ કુંવરજી આણંદજીએ જે સેવા ચાકરી કરી છે તે પ્રશંસનીય છે. મહારાજજી તેમની આવી ભક્તિથી બહુજ ખુશી રહેતા.

પ્રયત્ન કરતાં પણ ફેર પડયો નહી. માનવ જાતનો એમાં શું ઉપાય ! માનવી જેટલા મનસુબા કરે તેટલા ખોટા. બે વરસ મહારાજજી આવી સ્થિતિમાં પણ ટકી રહે તો ઘણા શુભ કામો કરીએ એવી ભકત જનોની મરજી પણ ભવીતવ્યતા આગળ સઘળાં ફાંફા. તો પણ તે પવિત્ર પુરૂષના જીવન પર્યંતમાં ઘણા શુભ કામો થયા. છેલ્લે છેલ્લે સર્વે મળીએ ગુરૂ મહારાજાના નામ સ્મરણને માટે એક **વિદ્યાશાળા** કરવાને માટે મ્હોટું ફંડ ઉભું કર્યું અને વિદ્યાશાળા સ્થાપન કરી જેનો ટેલાલ આમંકમાંજ આવ્યો છે, પ્રકૃતિ વધારે વધારે નિર્બળ થતી હતી એમ અગર જો કે જણાતું હતું તો પણ હજી પાંચ દસ દિવસ સુખેથી નીકળશે એમ આશા રહેતી, કારણ કે આવા વખતમાં પણ તેઓ પ્રસન્ન ચિત્તથી વાતચીત કરતા પરંતુ એ આશા ખોટી પડી. સાતમને શનીવારની રાત્ર પડી. કોઈને પણ આ રાત્રી કાળ રાત્રી નીવડશે એમ નહોતું. અરિહંત, વીતરાગ, પરમાત્મા, સિદ્ધ વગેરે પવિત્ર શબ્દોનું ઉચ્ચારણ થયા કરતું હતું. સાડાઆઠ વાગે તો પોતાના મુખ્ય શિષ્ય મુનિ ગંભીરવિજયજીને અરિહંત, સિદ્ધ સાધુની કિંમત વિષે પ્રશ્ન પુછ્યો. તે પછી જૈનશાળામાં ભણવા આવનાર વિદ્યાર્થી વિષે કેટલીક હકીકત પુછી. અને અંતે રાત્રીના સવા નવને દશ મીનીટે આવી શુદ્ધ વાર્તા કરતા, અરિહંત વિગેરે ઉત્તમ શબ્દોનું ઉચ્ચારણ કરતા સહજ માત્રમાં એ પવિત્ર પુરૂષનો આત્મા દેહથી વિમુક્ત થયો !!

પાંચ મીનીટમાં શહેરમાં આ દુઃખદાયક સમાચાર પ્રસર્યા. ભાવિક જનોના હૃદયમાં ફાળ પડી. અંતઃકરણ ચીરાયા અને ટોળેટોળા ઉપાશ્રય તરફ આવવા લાગ્યા. ઉપાશ્રયમાં શાંતિ અને દીલગીરીનું રાજ્ય ફેલાઈ ગયું

For Private And Personal Use Only

હતું! કોઇ પણ ઉંચે સ્વરે બોલતું ન હતું. કોઇની તરફથી પણ કપટમય પોકાર યુક્ત રૂદન અને હાયપીટ કરવામાં આવતી નહતી પણ અંદર ખાનેગી સર્વ મનુષ્યના હૃદય દ્રવતા હતા અને આંખમાંથી સાચા આંસુ પડતા હતા! અરેરે સાધુ સમુદાયનું હવે કોણ પાલન કરશે, આપણને બોધકારક વચનો કોણ કહેશે, ભૂલમાં આવશું ત્યારે મિષ્ટ વચનથી સારી શિખામણો કોણ આપશે, ચતુર્વિધ સંઘનો ઉદ્ધાર હવે કોણ કરશે, મહારાજશ્રી અમુક બાબત વિષે આગમ આમ એમ પ્રકાશને કરશું, હવે આપણી ઉપર અમૃતમય વચનોનો વર્ષાદ કોણ વરસાવશે, હવે આપણને અમીદ્રષ્ટિથી સિંચન કોણ કરશે—ધીમાસાદથી આવા અફસોસકારક વાક્યો સંભળાતા હતા! એક તરફ એ પવિત્ર પુરૂષની અંતક્રિયા કરવાની તૈયારીઓ ચાલતી હતી અને બીજી તરફ આ દુઃખદાયક સમાચારના તાર ભાવનગરના સંઘ તરફથી ગામેગામ તરફ છુટતા હતા!

રાત્રી–કાળરાત્રી–શોક જનકરાત્રી શોકમાં વ્યતીત થઇ. પ્રાતઃકાળ થયો. એક સુંદર શિબિકા તૈયાર કરવામાં આવી. ભક્તજનોનો વંડો વાસાઇ ગયો. એ પવિત્ર દેહને સ્નાન કરાવી, ચંદન અને બરાસથી તેની અર્ચા કરી, નવા વસ્ત્રથી વિભૂષિત કરી શિબિકામાં પધરાવ્યો. સુમારે સાડાસાત વાગે આ શોકસ્વારી બહાર નીકળી પરંતુ એમાં કલ્પિત શોકજનક અરેરે કે હાય પીટના રૂદન થતા નહોતા કારણ કે એવા પવિત્રાત્માની પાછળ એમ હોયજ નહિ. એ ભવ્યાત્માને તો અત્રે પણ સુખ હતું અને પરભવમાં પણ સુખ જ હોય છે. આમાંતો 'જયજયનંદા, જયજયભદ્દા' એ પવિત્ર અને કલ્યાણકારી શબ્દોના ઉચ્ચાર સર્વ માણસ તરફથી થતા હતા. એ પવિત્ર પુરૂષના પવિત્ર દેહને બહાર લઇ જવામાં શ્રાવકના આઠ વર્ષના બાળકથી તે વૃદ્ધ પર્યંત સર્વે માણસો સામેલ થયા હતા. કોઇ દુર્ભાગીએજ એમાં ભાગ લીધો નહિ હોય. અન્યદર્શની લોકો પણ આજે જૈનોના મોટા પુજ્યે–એક સંત પુરૂષે–દેહ ત્યાગ કર્યો છે, ચાલો એ પવિત્ર દેહના દર્શન કરવા જઇએ' એમ બોલતા એ ધર્મવીર પુરૂષના દેહના દર્શન કરવા માટે રસ્તાની બો બાજુએ ઉભરાઇ જતા હતા.

એ પુજ્યદેહને શ્રાવક સમુદાયની દાદા સાહેબના નામથી ઓળખાતી વાડીમાં લઇ જવામાં આવ્યો. ત્યાં શુદ્ધ જગ્યાએ ચંદન વગેરે વસ્તુઓથી દહન ક્રિયા થઇ આ પ્રસંગે મહારાજ શ્રીના ભાઇ હેમરાજ તથા ભત્રીજા હરદયાળ મહારાજશ્રીને સાતા પુછવા આવેલા હોવાથી દહન ક્રીયામાં મુખ્ય ભાગ તેમને આપ્યો.

સર્વ કોઇને એકકાળે આ રસ્તો છેજ. વળી દેહત્યાગ કરનાર મહારાજશ્રી કોઇના સગા વહાલા નહોતા, તોપણ એઓ ઉત્તમમાં ઉત્તમ મગાધર્મના ઉપકારી હતા તેથી સર્વ મનુષ્યોના હૃદય દહન ક્રિયા વખતે દુઃખિત થયા. સમુદાય તરફથી એક ફંડ ત્યાં કરવામાં આવ્યું. હજાર ઉપરાંત રૂપિ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યા એગાં થયા. તેમાંથી અંત ક્રિયાનો ખર્ચ, મ્હોટો અઠ્ઠાઇ મહોત્સવ, ગરીબોને દાણા, કુતાઓને રોટલાં, માછીની જાળો બંધ રખાવી અને એક આરસ પહાણની દેરી જે જગ્યાએ દહન ક્રિયા થઇ તે જગ્યાએ રચાવી તેમાં ગુરૂમહારાજના પગલા પધરાવવા વગેરે ખર્ચ કરવો ઠર્યો.

ભાવનગરમાં તે દિવસે આખી પ્રજા તરફથી વ્યાપાર રોજગાર બંધ કરવામાં આવ્યો હતો તેમાં પણ વોરા, કાછીઆ ઘાંચીના વેપારી, શાકના વેપારી, વગેરેએ તો સાંભળતાજ પોતાની દુકાનો બંધ રાખવા ખુશી જણાવી હતી. આ ઉપરાંત તોલ, માપ, પ્રેસો, મીલ, માછલાની જાળ વગેરે સર્વ પાપ ક્રિયા આ ઉત્તમ પુરૂષના દેહ ત્યાગ નિમિત્તે બંધ કરવામાં આવી હતી. દેશાવરમાં આ સમાચાર ફેલાતા સર્વ ઠેકાણે અત્યંત દીલગીરી થઇ હતી અને ઘણા ગામો તરફથી દિલગીરી અને અફસોસના તાર અને પત્રો આવી ગયા છે. મુંબઇમાં પણ એ સંબંધે સોમવારને દિવસે સટા બજાર. ઝવેરી બજાર, સરાફ બજાર ખાંડ બજાર, વગેર બજારો બંધ રાખવામાં આવ્યા હતા અને પાંચશે રૂપીયા જીવ દયા ખાતે ખર્ચવામાં આવ્યા છે એ શિવાય પાલીતાણા, ગોઘા, સીહોર, વળા, લીંબડી વઢવાણ, ધોલેરા, બોટાદ વગેર ઘણા ગામોમાં પાખી પાળવામાં આવી છે અને રૂપીયા એકઠા કરી જીવદયાના તથા ઓચ્છવના કામો થાય છે. ખરેખર પવિત્ર પુરૂષ તે પવિત્ર પુરૂષ ! જેની પાછળ પણ આવી શુભ ક્રિયાઓ થાય એ પવિત્રાઇની બલીહારી છે, ! !

આહા ! સંસારની સ્થિતિજ એવી છે, જે જન્મ્યું તે સર્વ એક વખત મરવાનું છેજ. તો પણ આવા પૂણ્યાત્માની ખોટ ઘણા માણસોને સાલે છે. જેણે પરોપકારનો પવિત્ર ધંધો કરેલો, જેણે હજારો માણસોને ધર્મ માર્ગે પ્રવર્તાવવામાંજ ઉદ્યમ કરેલો તેવા પવિત્ર પુરૂષની-સંત પુરૂષની ખોટ કોને ન સાલે ! પણ એમાં માનવીનો ઉપાય નથી ! માનવીના પ્રયત્ન એ બાબતમાં નિષ્ફળ છે. માનવી જેટલા થાય તેટલા ઉપાય કરે પણ પરિણામ ભવિતવ્યતાનેજ આધિન છે. માટે હવે જૈન બંધુઓએ મનનું સમાધાન કરવું અને એ પુણ્યાત્મા પુરૂષના કાંઇપણ ગુણ જાણ્યા હોય તો સર્વ સાધુ સાધવી અને શ્રાવક શ્રાવિકાએ જેમ ચતુર્વિધ સંઘની શોભા વધે, જેમ જૈન સમુહમાં સંપ વધે, જેમ ધર્મની ઉન્નતિ થાય, જેમ શાસનની અભિવૃદ્ધિ થાય તેવા પ્રયત્નો કરવા. એમ કર્યાથીજ તેમના ગુણ જાણી શક્યા છીએ એમ ગણાય, એમ કર્યાથીજ એ પવિત્ર પુરૂષ વિષે આપણો ઉંચો વિચાર હતો એમ કહેવાય અને એમ કર્યાથીજ આપણે એમના શિષ્ય અને પરમ ભક્ત હતા એવું ધારી શકાય. માટે સર્વેએ એવીજ રીતે પ્રવર્તવા ધ્યાન રાખવું.

For Private And Personal Use Only